# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૮/૧૮૫૪૮ તા. ૨૯/૦૮/૨૦૧૮

પરિપત્ર-603

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા આગામી ઓક્ટોમ્બર/નવેમ્બર-૨૦૧૮ માં લેવાનાર સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ પરીક્ષા (રેગ્યુલર તથા પાર્ટ એક્ઝામ)ના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે.

| Sr. No | Examination | Semester | Fee | | | | Starting Date for Students to Fill Up Exam Form | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | | |
| 1. | B. A | 3 & 5 | 200 | 50 | 25 | 275/- | 30/08/2018 | 14/09/2018 |
| 2. | B.Com. | 3 & 5 | 200 | 50 | 25 | 275/- | 30/08/2018 | 14/09/2018 |
| 3. | B.SC. | 3 & 5 | 200 | 150 | 25 | 375/- | 30/08/2018 | 14/09/2018 |
| 4. | LLB. | 3 & 5 | 250 | 00 | 25 | 275/- | 30/08/2018 | 14/09/2018 |
| 5. | B.C.A. | 3 & 5 | 250 | 250 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |
| 6. | B.S.W. | 3 | 250 | 250 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |
| 7. | M.A | 3 | 500 | 00 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |
| 8. | M.Com | 3 | 500 | 00 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |
| 9. | M.Sc. | 3 | 500 | 200 | 25 | 725/- | 30/08/2018 | 14/09/2018 |
| 10. | M.S.W. | 3 | 500 | 00 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |
| 11. | B. Ed | 3 | 200 | 00 | 25 | 225/- | 30/08/2018 | 14/09/2018 |
| 12. | M. Ed | 3 | 500 | 00 | 25 | 525/- | 30/08/2018 | 14/09/2018 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજો/પી.જી. કેન્દ્રોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ડાઉનલોડ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજ/પી.જી. કેન્દ્રના આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું મોડ્યુલમાં વેરીફીકેશન કર્યા બાદ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ તેમજ રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના ભારતીય સ્ટેટ બેંકના ખાતા નં.35567029720 (ISFC CODE: SBIN0000375 MICR: 389002003) માં NEFT/RTGS થી નિયત પરીક્ષા ફી તબદીલ/જમા કરાવ્યાની રીસીપ્ટની નકલ અથવા ડીમાંડ ડ્રાફ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


| વિગત | રેગ્યુલર ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સેમેસ્ટર-૩ અને ૫ ના પરીક્ષા આવેદન પત્ર બાબત | તા. ૩૦/૦૮/૨૦૧૮ થી તા. ૧૪/૦૯/૨૦૧૮ સુધી | રેગ્યુલર ફી + ૫૦૦/- તા. ૧૫/૦૯/૨૦૧૮ થી તા. ૧૭/૦૯/૨૦૧૮ સુધી | રેગ્યુલર ફી + ૧૦૦૦/- તા. ૧૮/૦૯/૨૦૧૮ થી તા. ૧૯/૦૯/૨૦૧૮ સુધી |

(૫) સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કોલેજો/અન્ય યુનિવર્સિટીના સીધો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્રો અલગ બંચ બનાવી જમા કરાવવાના રહેશે તથા આવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્રમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટિફિકેટ (F.A.E.C) ની વિગતો ભરેલ નહિ હોય તો આવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે.

(૬) સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં આ યુનિવર્સિટી સંલગ્ન એક કોલેજમાંથી બીજી કોલેજમાં યુનિવર્સિટીની મંજુરીથી ટ્રાન્સફર થનાર વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદનપત્રો અલગ બંચ બનાવી જમા કરાવવાના રહેશે. યુનિવર્સિટીની મંજુરી વિના ટ્રાન્સફર થયેલ વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. અને તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીની રહેશે

(૭) યુનિવર્સિટી ખાતે આવેદન પત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.

(૮) અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૯) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

૧ વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના જે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૭૫/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૨૫/- લેવાની રહેશે.

૨. દરેક કૉલેજ/પી.જી. કેન્દ્રએ વિદ્યાર્થીદીઠ પરીક્ષા ફોર્મ, હોલ ટીકીટ અને માર્કશીટ ડાઉનલોડ અને પ્રિન્ટઆઉટ કરવાના વહીવટી ખર્ચ પેટે રૂ. ૪.૫૦/- બાદ કરી પરીક્ષા આવેદન ફી ની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રી/ ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.